| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૩/૦૭/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૦૯૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૧૬૧ | ૩૫ | ૯૧૯૬ | ૧૫૨૨૭ | ૩૫ | ૧૫૨૬૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૦ | ૨ | ૪૨૬૨ | ૫૭૭૬ | ૨ | ૫૭૭૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૨ | ૦ | ૪૨ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૫૦૧ | ૭૧ | ૧૦૫૭૨ | ૧૧૨૭૩ | ૫૮ | ૧૧૩૩૧ |
| કુલ | | ૨૩૯૬૪ | ૧૦૮ | ૨૪૦૭૨ | ૩૨૪૭૯ | ૯૫ | ૩૨૫૭૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૬ | ૪,૮૨,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૦૮૨ | ૧૦,૧૬,૪૦૦/- |

# " પ્રશંસાપત્ર " એનાયત

## એચ ટ્રાફીક પોલીસ સ્ટેશન :-

એચ ટ્રાફીક પોસ્ટે ના પો.કોન્સ. જયરાજસિંહ નરેન્દ્રસિંહ તથા ટી.આર.બી જવાન શાહુ યોગેશ એલ ને બિનવારસી પાકીટ જેમા રોકડ રૂપિયા ૫૧૦૦/- તેના માલિક ઇમરાનભાઈ ને પરત સોંપતા મે. સંયુક્ત પોલીસ કમિશનર ટ્રાફીક શ્રી જે.આર.મોથલીયા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એ.જી. ચૌહાણ ટ્રાફીક પૂર્વ નાઓએ આ પ્રશંસનીય કામગીરી ને બિરદાવી





# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

**ચાંદખેડા પોલીસ સ્ટેશન :-**

## ચાંદખેડા ખાતે મહાકાળીની ચાલી વેલજીભાઇનો કુવો મોટેરા અમદાવાદ શહેર ખાતેથી ભારતીય બનાવટનો વિદેશી તેમજ દેશી દારૂનો જથ્થો પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન સાહેબ નાઓની સુચના મુજબ પ્રોહી. તથા જુગારની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અંગેની સુચના અન્વયે ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર આર.એચ. વાળા ચાંદખેડા પોલીસ સ્ટેશન તથા સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. જી.વી.ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફના અ.પો.કો. વિપુલકુમાર બાબુભાઇ બ.નં-૬૧૮૫ તથા અ.પો.કો. અમૃતજી કાંતીજી બ.નં-૯૦૨૫ તથા અપો.કો. સંજયસિંહ દશરથસિંહ બ.નં-૫૦૧૨ તથા અ.લો.ર. ધર્મેદ્રસિંહ દિલીપસિંહ બ.નં-૫૧૨ માણસો સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને પેટ્રોલીંગ દરમ્યાન સાથેના અ.પો.કો. વિપુલકુમાર બાબુભાઇ બ.નં-૬૧૮૫ તથા અ.પો.કો. અમૃતજી કાંતીજી બ.નં-૯૦૨૫ નાઓની સન્યુક્ત બાતમી હકિકત આધારે મહાકાળીની ચાલી વેલજીભાઇનો કુવો મોટેરા અમદાવાદ શહેર ખાતે આવેલ મકાનોમા આરોપણ બહેન (૧) રંજનબેન વા/ઓ તરૂણભાઇ ઠાકોર ઉ.વ.૩૧ રહે.મહાકાળીની ચાલી વેલજીભાઇનો કુવો મોટેરા અમદાવાદ શહેર વોન્ટેડ આરોપી:- (૧) તરૂણ સ/ઓ દેવાજી ઠાકોર તથા (૨) લાભુબેન વા/ઓ દેવાજી ઠાકોર બન્ને રહે-મહાકાળીની ચાલી વેલજીભાઇનો કુવો મોટેરા અમદાવાદ શહેર નાઓના મકાનોમાથી (૧) ભારતીય બનાવટ ની વિદેશી દારૂની કાચની બોટલ નંગ. ૬૫ કિ.રૂ.૪૧,૧૦૦/- તથા (૨) દેશીદારૂ ૧૪૧ લીટર જેની કિં.રૂ.૨૮૨૦/- મળી કુલ્લે રૂ. ૪૩,૯૨૦/- નો મુદામાલ કબ્જે કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૨/૦૭/૨૦૨૦

# પાસાના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૨.૦૭.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં શરીર સબંધી, મિલક્ત સબંધી તથા પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના ખોખરા તથા ડીસીબી પોસ્ટે વિસ્તારમા અગાઉના ઝઘડાની અદાવત રાખી ગેરકાયદેસર રીતે ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે છરી વડે ફરીયાદીના માથાના ગંભીર ઈજા કરનાર તેમજ અન્ય કિસ્સામા પોતાન સાગરિત પાસેથી ગે.કા.વગર પાસ પરમીટનો દેશી બનાવટ નો તમંચો તથા પિસ્ટલ તથા કારતુસ લાવી પોતાના કબ્જામા રાખનાર માથાભારે અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો નામે (૧) મનીષ ઉર્ફે મીનેષ વસંતરાય દશરથરાવ ધીમસે (મરાઠી) રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી વિભાગ-૧ રામજી મિસ્ત્રીની ચાલીમા મણીનગર ઈસ્ટ ખોખરા અમદાવાદ શહેર (૨) વિજય દતુરામ સુરેશભાઈ પવાર રહે.મ.ન.૭૪ પુનિતનગરના છાપરા ઘોડાસર ક્રોસીગ પાસે અમદાવાદ શહેર મુળ વતન: મ.ન.૪૦૨ વિવેક્શ્રી એપાર્ટમેંટ રાજેન્દ્ર નગર પુના મહારાષ્ટ્ર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મનીષ ઉર્ફે મીનેષ વસંતરાય દશરથરાવ ધીમસે (મરાઠી) રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી વિભાગ-૧ રામજી મિસ્ત્રીની ચાલીમા મણીનગર ઈસ્ટ ખોખરા અમદાવાદ શહેર |
|  | વિજય દતુરામ સુરેશભાઈ પવાર રહે.મ.ન.૭૪ પુનિતનગરના છાપરા ઘોડાસર ક્રોસીગ પાસે અમદાવાદ શહેર મુળ વતન: મ.ન.૪૦૨ વિવેક્શ્રી એપાર્ટમેંટ રાજેન્દ` નગર પુના મહારાષ્ટ |

- અમદાવાદ શહેરના વાડજ પોસ્ટે વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીઓ ના મકાનના દરવાજાના લોક તોડી તેમજ બારી તોડી મકાનમા પ્રવેશ કરી તિજોરીમાથી સોનાચાદીના દાગીના તથા રોકડા નાણાની ચોરીકરી લઈ જઈ એકબીજાના મેળાપીપણામા રહેનાર ગુનાહિત માનસ ધરાવાનાર ઈસમો નામો (૧) વિજય વિરસિગ પલાસ રહે.ગામ સરસોડા પલાસ ફળીયુ

તા.ગરબાડા જિ.દાહોદ (૨) અજીત ઉર્ફે અજય રામસિંગ પલાસ રહે.સરસોડા બારીયા પલાસ ફડીયા પાસે તા.ગરબાડા જિ.દાહોદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | વિજય વિરસિગ પલાસ રહે.ગામ સરસોડા પલાસ ફળીયુ તા.ગરબાડા જિ.દાહોદ |
|  | અજીત ઉર્ફે અજય રામસિંગ પલાસ રહે.સરસોડા બારીયા પલાસ ફડીયા પાસે તા.ગરબાડા જિ.દાહોદ |

- અમદાવાદ શહેરના સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમા ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા બીયર જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા મજકુર ઈસમ પોતાના સાગરિત મારફતે ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો તથા બીયરનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટનો વિદેશી દારુ તથા બીયરનુ વેચાણ તથા હેરાફેરી કરી ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ સુરેશ નવઘણજી ઠાકોર રહે.ડાભીવાસ છારાનગર કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર  મુળ વતન ગામ- મડાલી ઠાકોરવાસ તા.સિધ્ધપુર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સુરેશ નવઘણજી ઠાકોર રહે.ડાભીવાસ છારાનગર કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર  મુળ વતન ગામ- મડાલી ઠાકોરવાસ તા.સિધ્ધપુર |

- આ ઉપરાંત પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૪ ઇસમો મળી કુલ્લે ૯ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને સુરત, જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૯૨/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૪૧૬ લીટર દેશી દારૂ, ૧૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮૮ કવાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન અને ૧ જીપ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૯૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૯૪/૨૦૨૦

**એરપોર્ટઃ** વિનય સ/ઓફ નાનકરામ વરધાની (ઉ.વ.૨૭) (રહે.કર્ણાવતી કલાસિક રેસીડન્સી હાંસોલ સરદારનગર) એ તા.૦૨/૦૭/૨૦ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિનય વરધાનીએ હલ્દીરામ કંપનીની ફ્રેંચાઇઝ લેવા માટે ઓનલાઇન અરજી કરેલ હોય તા.૦૧/૦૨/૨૦ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૦૮૮૯૨૫૦૨૬ ધારકે વિનય વરધાનીને ફોન કરી પોતે હલ્દીરામ કંપનીમાથી બોલે છે અને કંપનીનુ તમામ કામ સંભાળે છે તેવુ જણાવી વિશ્વાસમા લઈ હલ્દીરામ કંપનીની ફ્રેન્ચાઇઝ આપવાની લાલચ આપી રૂપિયા ૯૯,૯૯૯/- ઓનલાઇન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

**કાલુપુરઃ** અંકિત કુમારભાઇ શર્મા (ઉ.વ.૩૧) (રહે. સિધ્ધી એપાર્ટમેન્ટ સર્કીટ હાઉસની બાજુમાં શાહીબાગ) એ તા.૦૨/૦૭/૨૦ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૦ કલાક ૧૧/૩૦ થી તા.૨૫/૦૧/૨૦૨૦ કલાક ૧૧/૧૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર (૧) ૯૮૩૧૯૯૬૧૯૩ (૨) ૭૩૨૦૮૧૬૩૭૧ તથા (૩) ૭૫૯૬૮૮૭૫૪૪ ના ધારકો એ અંકિત શર્માને ફોન કરી પોતે યસ ફાઇનાન્સ લિમીટેડમાંથી બોલે છે અને અંકિત શર્માની રૂપિયા ૩,૦૦,૦૦૦/- લોન મંજુર થયેલાની વાત કરી વિશ્વાસ અપાવી લોન ચાર્જીસના અલગ અલગ કારણો બતાવી અંકિત શર્મા પાસેથી જુદી જુદી બેન્કોમાં અલગ અલગ રકમ મળી કુલ રૂપિયા ૧,૮૧,૫૨૮/- ઓનલાઇન IMPS દ્વારા ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જી.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૫/૨૦૨૦**

**નરોડાઃ** પ્રિતીબહેન રૂપેશભાઇ (રહે. રાજ રેસીડન્સી કર્મા જ્યોત બંગલોઝ પાછળ એસ.પી.રીંગ રોડ શીલજ) એ તા.૦૨/૦૭/૨૦૨૦ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નરોડા સુતરના કારખાના પાસે આવેલ શ્રીજી એસ્ટેટમાં ડી/૧૪ નંબરમાં એ.એસ.ઇંન્ડસ્ટ્રીઝ નામની ગેસ કટીંગની કંપની ઓફિસ ખાતે કામ કરતા અને કંપનીની ઓરડીમાં રહેતા આરોપી જસવંતસિંહ મંગલસિંગ બારીઆ તથા તેમના પત્નિ બુધ્ધીબહેન (મુળ વતન. ગામ-ખાનપુર વાડોદરા તા.મોરવા હડપ જિ.પંચમહાલ) તથા એક ઓટો રીક્ષા ચાલક તા.૩૦/૦૬/૨૦૨૦ કલાક ૪/૪૫ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન કંપનીની ઓફિસનુ ડ્રોઅર તોડી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/-ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૬/૨૦૨૦**

**વાડજઃ** નવા વાડજ રામાપીર નો ટેકરો પુરપીડીતનગર વિભાગ-૦૨ ખાતે રહેતા દિનેશભાઇ પનાલાલ ચૌહાણ ની બાર વર્ષની પુત્રી સપના એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૦ સાજના ૬/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**અમરાઇવાડીઃ** કિર્તી સ/ઓ ગીરધરભાઇ મકવાણા (રહે. શીતલનગર બળિયાનગર ભાથીજી મહારાજનુ ડેલુ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શિવાભાઇ હુરાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી